# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૧૫–૬– ૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં સિલ્ક અને જરી ઉદ્યોગ વિશે વર્કશોપ યોજાયો

સુરતઃધી સધર્ન ગૂજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે સિલ્ક અને જરી ઉદ્યોગ માટે માહિતીપ્રદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમા 'ન્યૂ ઈનિશિયેટિવ્સ ઈન ઈન્ડિયન સિલ્ક ઈન્ડસ્ટ્રી' અને 'ન્યૂ ઓપોર્ચ્યુનિટિઝ ફોર યુસેઝ ઓફ જરી ઈન પ્યોર સિલ્ક ઈન્ડસ્ટ્રી' વિશે મુખ્ય વકતા તરીકે સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના સીઈઓશ્રી કે.એસ.મેનન તથા અન્ય વકતાઓ તરીકે સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના કન્સલ્ટન્ટશ્રી ટી.ડી.કોશી અને સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના એકિઝકયુટિવ શ્રીઆર.બી. તાંડવે માહિતીપ્રદ વકતવ્ય રજૂ કર્યુ હતું.

ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી આવકાર વકતવ્યમાં કહયું હતું કે,સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન સિલ્ક યાર્ન અને સિલ્ક ફેબ્રિકસના વિકાસમાં ખૂબ જ મહત્વની ભુમિકા અદા કરે છે.પ્યોર સિલ્કની ઓળખ માટે સિલ્ક માર્ક છે,સુરતની જરીને જીઆઈ ઓળખ મળી છે અને સુરતમાં જરી ઉદ્યોગને એનો સર્વાધિક લાભ મળે અને માટે આજની મીટીંગમાં જરી માર્ક વિશે પણ ચર્ચા થશે એવી અપેક્ષા રાખુ છું.

વર્કશોપની પૂર્વભુમિકા રજૂ કરતાં સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના સીઈઓશ્રી કે.એસ.મેનને કહયું હતું કે,સિલ્કમાં જે ડિમાન્ડ છે એની સામે ઉત્પાદન ઓછું છે અને આપણે ચીનથી સિલ્ક આયાત કરવું પડે છે.સિલ્ક બોર્ડ અને સરકાર સિલ્કના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે.દેશમાં સિલ્ક સેકટરમાં અંદાજે ૭૦ લાખ લોકોને રોજગારી મળી રહી છે.

સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના કન્સલ્ટન્ટશ્રી ટી.ડી.કોશીએ 'ન્યૂ ઈનિશિયેટિવ્સ ઈન ઈન્ડિયન સિલ્ક ઈન્ડસ્ટ્રી' વિશેના વકતવ્યમાં ભારતના સિલ્ક સેકટર વિશે જાણકારી આપી હતી અને વિશ્વના અન્ય સિલ્ક ઉત્પાદકો સાથે સરખામણી કરીને પ્યોર સિલ્કની વિશ્વસનિયતા ઉપર ભાર મુકયો હતો.રેશમની ખેતીથી લઈને રેશમી કાપડ સુધીની પ્રક્રિયા વિશે જાણકારી આપી હતી.તેમણે ગુજરાતમાં સિલ્ક સેકટરને વિકસાવવાની તૈયારી પણ દર્શાવી હતી.તેમણે સિલ્ક માર્ક માટેની કેટેગરી વિશે જાણકારી આપી હતી તેમજ અને માટેના ધોરણોની અને નિયમોની માહિતી પણ આપી હતી.તેમણે સિલ્ક માર્ક ધ્વારા હાથ ધરાતી પ્રવૃત્તિ વિશેનું પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું હતું.

'ન્યૂ ઓપોર્ચ્યુનિટિઝ ફોર યુસેઝ ઓફ જરી ઈન પ્યોર સિલ્ક ઈન્ડસ્ટ્રી' વિશેના વકતવ્યમાં સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના એકિઝકયુટિવ શ્રીઆર.બી. તાંડવે પ્યોર સિલ્કક્ષેત્ર વિશે અને સિલ્ક માર્કની વિશ્વસનિયતા વિશે જાણકારી આપી હતી.તેમણે પ્યોર સિલ્કમાં જરીના ઉપયોગનું મહત્વ સમજાવ્યું હતું.
સુરતના જરી ઉદ્યોગના અગ્રણીશ્રી રમણભાઈ જરીવાલાએ જરી ઉદ્યોગની સમસ્યાઓ અને પ્યોર જરીની ઓળખ માટે જરી માર્કની જરૂરિયાત અંગેની રજૂઆત કરી સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશનના સહકારથી આગળ વધવાની તૈયારી દર્શાવી હતી. સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના સીઈઓશ્રી કે.એસ.મેનને જરી માર્કની દિશામાં આગળ વધવા માટે સુરતના જરી ઉદ્યોગના બે થી ત્રણ પ્રતિનિધિઓને જરી માર્ક માટેની કમિટીમાં સમાવવાની તૈયારી દર્શાવી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખશ્રી પરેશ પટેલે કહયું હતું કે,સિલ્ક બોર્ડના સહકારથી જરી માર્કની શરૂઆત થશે તો સુરતના જરી ઉદ્યોગને ઘણો ફાયદો થશે.પ્યોર જરીના મહત્વને સમજાવવા માટે બોર્ડ તમામ ખર્ચ ઉઠાવશે એની ચકાસણી માટેની લેબોરેટરીની સ્થાપના પણ થઈ શકશે.સામાપક્ષે ઉત્પાદકોએ પણ જરી ખરીદનારા ગ્રાહકને સંતોષ થાય એનું ધ્યાન રાખવું પડશે.

સિલ્ક માર્ક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના સીઈઓશ્રી કે.એસ.મેનને જરી માર્ક માટેની પ્રક્રિયાને ઝડપભેર આગળ વધારવાનું સુચન કરીને સુરતના જરી ઉદ્યોગને પુરો સહકાર આપવાની ખાતરી આપી હતી.

સમાપન વકતવ્યમાં ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ જરીમાર્ક અંગે આજે થયેલી ચર્ચાને ફળદાયી ગણાવી હતી અને સિલ્ક માર્કને ભવિષ્યમાં વધુ વર્કશોપ્સ યોજવાની ખાતરી આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પરેશ પટેલે આભારવિધિ આટોપી હતી.